૩૪૪૨

॥ શ્રીગણેશાયનમઃ ॥

અથ શ્રી પીપળેશ્વર મહાદેવજીનો ગરબો.

પટેલ મોતીલાલ ભુધરદાસ.
ગામ લાંઘણાજવાળા.



અમદાવાદ.
યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૪. સને ૧૮૮૮.

શ્રીગણેશાયનમ:

અથ શ્રી પીપળેશ્વર મહાદેવનો ગરબો.

પ્રથમ ગણપતીને પાએ લાગુ, પીપળેશ્વર મહારાજા;
શુદ્ધ વાણી શારદા પાસે માગુ. પી૦ ૧
તમે કૈલાશ કેરા વાસી; પી૦
બીજું ધામે તમારૂં કાશી. પી૦ ૨
તમે ચઉદભોવનના નાથે; પી૦
હેતે પરીવાર લીધો શાથે. પી૦ ૩
ચાર ગામ કેરા ચોકમાં બીરાજ્યા; પી૦
સાળડી ગામની સીમમાં છાજ્યા. પી૦ ૪
રૂડું અરન્ય શોભીતું જોયું; પી૦
પીપળા હેઠળ મન તમારૂં મોહ્યું. પી૦ ૫
પંચ વદન ધારી ત્યહાં પ્રકાશ્યા; પી૦
કાશી કૈલાશથી આવી નીવાશ્યા. પી૦ ૬
વગર સ્થાપે ઇચ્છાથી પ્રગટ્યા પોતે; પી૦
આગળ વ્રત કેરી અખુટ બળે જોતે. પી૦ ૭
આજુબાજુ ગણેશ હનુમંતા; પી૦
દેવળ મધે નંદી ગુણવંતા. પી૦ ૮

ઉપર નાગ કેરી ફેણુ લીધા ઘેહેરી; પી૦
જગાધારી ને મધ ગંગા લેહેરી. પી૦ ૯
ગોખે બેઠાં ઉમીઆજી કોડે; પી૦
જ્યાં વીજયા સખી બે જોડે. પી૦ ૧૦
શીવ ભગત સેરામુળા રૂડું નામે; પી૦
વસે વાવ્યખુણમાં લાંઘણુજ ગામે. પી૦ ૧૧
પુન્યશાળી ધનવાન ગેહેર સુખી; પી૦
પ્રજા માઠી તેથી મનમાં દુઃખી. પી૦ ૧૨
કૈડવો નાતે દેશાઇ ચાંપાનેરી; પી૦
ઘેહેર કામધેનુ એકને કેરી. પી૦ ૧૩
તે ગાય આવી નીત ત્યહાં ચરતી; પી૦
તમારા ઉપર આવી દુધ ઝરતી. પી૦ ૧૪
તે પાટીદારને સપનું દીધું; પી૦
તેણુ આવી પુજન તમારૂં કીધું. પી૦ ૧૫
ધુપ દીપ કરી નૈવેદ ધરાવ્યું; પી૦
તેણુ શોભીતું તે દેવળ કરાવ્યું. પી૦ ૧૬
તેથી રીઝયા તે પંચ વદન ધારી; પી૦
પુત્ર પરીવાર વેલ વાધો તારી. પી૦ ૧૭
ભગતો કેરાં દારીદ્ર તમે કાપો; પી૦

ભોળા થઈને વરદાન તમે આપો પી૦ ૧૮
ગાઅકવાડ મહારાજ કેરૂ રાજે; પી૦
ધરમરાજ દાંન પુન ઘણું છાજે પી૦ ૧૯
ગુજરરાત ખંડમાં તમારૂ ચાલ્યું નામે પી૦
ગાએકવાડે અરપ્યું શાલડી ગામે. પી૦ ૨૦
રૂડા મેહેલે બન્યા છે દેવળ ભારી; પી૦
છજાં ઝરૂખાં ને રંગી રૂડી બાહારી પી૦ ૨૧
શ્રાવણ મહીનામાં શોભા બને સારી. પી૦
મુખથી શું વખાણું કુણ મતી મારી. પી૦ ૨૨
ગામે ગામના બ્રાહ્મણ આવે પુજારી; પી૦
લાડુ જમે ને કરે જેજેકારી. પી૦ ૨૩
છેલો શોમવારે આવે તે શ્રાવણ કેરો; પી૦
મેળો ભરાએ ચોફેર નાંખે ઘેહેરો. પી૦ ૨૪
ભરાએ બજારો ને વેચે મીઠાઇ મેવા; પી૦
વેચાએ રમકડાં ને આવે લોક લેવા., પી૦ ૨૫
ગાડી ઘોડા આવે નારી ગરબા ગાએ; પી૦
ત્યહાં તો થેઇકાર થેઇકાર થાએ. પી૦ ૨૬
બ્રાહ્મણ રૂદ્રી ભણે તે મોહો પાઠ; પી૦
ત્યહાં તો પુજાનો બને ઘણો ઠાઠ. પી૦ ૨૭

પુજા સાંકળેશ્વર કરે રૂડી રીતે; પી૦
તેના ઉપર તમારી ઘણી પ્રીતે. પી૦ ૨૮
તેને સેવાનો બદલો તમે આપો પી૦
તમારો ભગ્તે કરીને થાપો. પી૦ ૨૯
સીવરાત્રીની લીલા થાએ ન્યારી; પી૦
પુજા અભીશેક થાએ સુભકારી. પી૦ ૩૦
કડીવાળો એચરશેઠ ભગ્ત કાહાવે; પી૦
સીવરાત્રી ઉપર સંગ લેઈ આવે. પી૦ ૩૧
શણગારી પાલખીને મુખવટો શોહાવે; પી૦
પ્રેમ ભગ્ત તે તમારે મન ભાવે. પી૦ ૩૨
તમારા વરઘોડાની શોભા જુગતી સારી; પી૦
વાજાં વાગે ને દીસે મંગળ કારી. પી૦ ૩૩
તમે બ્રાહ્મણ જમાડો રૂડી રીતે; પી૦
ઉપર દક્ષણા આપો છો ઘણી પ્રીતે. પી૦ ૩૪
તમે ચઉદ ભોવનના દાતા, પી૦
તમે ભગ્તોને કરો સુખ શાતા. પી૦ ૩૫
તમને સેવે કર જોડી શીશ નામે; પી૦
તે તો જનમે જંજાલ દુઃખ વામે. પી૦ ૩૬
તમે ભાંગે ધંતુરાના ભોગી. પી૦

તમે નીરંજન નીરમળ જોગી. પી૦ ૩૭
તમને આરાધે મોટા મુની દેવ; પી૦
વીષ્નુ વીરંચી સદાએ કાળ શેવે. પી૦ ૩૮
બ્રહ્મા વીષ્નુ શક્તી તમે ચારરૂપે; પી૦
એ સરવે છો એકેશ્વરૂપે. પી૦ ૩૯
તમારી માનતા માને તે લોક ઝાઝી; પી૦
દ્રડ વીસ્વાશે રાખે તો થાએ રાજી. પી૦ ૪૦
૧૯૪૦ સામાં ચીંતા ગણી થાય છે. પી૦
વરસાદ વીનાતે અંન શુકાઇ જાએછે. પી૦ ૪૧
શ્રાવણ મહીનો કદાપી કોરો જાશે; પી૦
બધી સૃષ્ટીમાં ભયંકાર થાશે. પી૦ ૪૨
તે માટે દયા લાવી દુ:ખ હરજો; પી૦
સુખકારી ને વખારે વૃષ્ટી કરજો. પી૦ ૪૨
અમને આશા તમારી છે ભારી; પી૦
વૃષ્ટી મોકલો તો થાએ આણંદકારી. પી૦ ૪૪
ગરબો શીખે શુણે ને કોઇ ગાએ; પી૦
તેના શત્રુ સરવે તે પ્રલે થાએ. પી૦ ૪૫
તેને સુખીઆ શદાય તમે કરજો; પી૦
તેના ઘરમાં રીધીસીધી ભંડાર ભરજો. પી૦ ૪૬

કાલાવાલા કરૂં છું તમારો દાસે. પી૦
નાગર વીશનગરો લાંઘાગુજ વાશો. પી૦ ૪૭
દેશ પરદેશો આરાધુ શંકટ હરજો. પી૦
અરજ પ્રરભુરામની આશા પુરી કરજો. પી૦ ૪૮
ગાવું જનમા અષ્ટમીને શનીવારે; પી૦
કર જોડી કરૂછું નમસ્કાર. પી૦ ૪૯
ત્રીયોદસી ગુરૂવારે થઇ મેહેરે; પી૦
વરસાદ વરશોને થઇ લીલા લહેરે. પી૦ ૫૦

સમાપ્ત.